રજૂ તારીખ	:–	૧૨/૦૫/૨૦૨૨		
દાખલ તારીખ	:–	૧૨/૦૫/૨૦૨૨		
ફેંસલ તારીખ	:–	૨૬/૦૫/૨૦૨૬		
સમયગાળો	:–	વર્ષ	માસ	દિવસ
		૦૪	૦૦	૧૪

ખેડા જિલ્લાના મહે.ત્રીજા અધિક ડિસ્ટ્રીક્ટ જજ સાહેબશ્રીની અદાલતમાં,

મુ.નડીઆદ

રેગ્યુલર સિવિલ અપીલ નં. :૧૩૨/૨૦૨૨

આંક–

વિવાદી– (મૂળ વાદી)

(૧) **ભુપેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ,**
ઉ.વ.૭૨, ધંધો–ખેતી,
રહે.નડીઆદ, ઠે.વિહાર સોસાયટી,
વી.કે.વી.રોડ, નડીઆદ, જિ.ખેડા.

(૨) **પ્રમોદભાઈ આપાભાઈ પટેલ,**
(તેઓ ચાલુ દાવે ગુજરી ગયેલ છે.)

વિરુદ્ધ

પ્રતિ વિવાદી– (મૂળ પ્રતિવાદી)

(૧) **ગુજ.બચુભાઈ સોમાભાઈ ભોઈના વારસો**

(૧.૧)અમૃતભાઈ બચુભાઈ ભોઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

(૧.૨)મહેશભાઈ બચુભાઈ ભોઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

(૧.૩)દિલીપભાઈ બચુભાઈ ભોઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

(૧.૪)જ્યંતિભાઈ બચુભાઈ ભોઈ

ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,

તમામ રહે.હાથનોલી, તા. નડીઆદ,

જિ.ખેડા.

==

સિવિલ પ્રોસિઝર કોડની કલમ–૯૬ મુજબ અપીલ

==

==

એપેલન્ટના વિ.વ.શ્રી બી.સી.પટેલ
રીસ્પોડન્ટના વિ.વ.શ્રી એન.કે.ગોહીલ

==

–:: ઠરાવ ::–

(૧) આ કામના વિવાદી (મૂળ વાદી)એ પ્રતિ વિવાદી (મૂળ પ્રતિવાદી) સામે નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજશ્રીનાઓની કોર્ટમાં રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ થી દાવો દાખલ કરેલ. જે દાવો નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજનાઓની કોર્ટ સમક્ષ ચાલી જતા તેઓના તા.૦૪/૦૪/૨૦૨૨ ના હુકમ તથા હુકમનામાથી દાવો નામંજૂર કરતો હુકમ કરેલ છે. જેનાથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) હાલની અપીલ દાખલ કરતા નામ.કોર્ટે રીસ્પોન્ડન્ટસ વિરુદ્ધ નોટિસ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહું નોટિસ બજતા રીસ્પોન્ડન્ટસ તેમના વિ.વ.શ્રી એન.કે.ગોહીલ મારફતે હાજર થયેલ છે.

(૩) સૌપ્રથમ જોઈએ તો વાદીએ આ કામના પ્રતિવાદી વિરુદ્ધ દાવો દાખલ કરી મોજે હાથનોલી ગામે બ્લોક નં.૯૬ કે જેનું ક્ષેત્રફળ હે.આ.૦–૬૮–૭૯ છે તે ખેતીની જમીન આ કામે દાવાવાળી મિલકત છે. તેના મૂળ માલિક વાદી નં.૨ છે. જેઓએ તા.૦૧–૦૨–૨૦૦૦ ના રોજ વાદીની તરફેણમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૩૨૯ થી નોંધણી કરાવી વાદી નં.૧ ને દાવાવાળી જમીન વેચાણ કરેલ જે વેચાણ અંગેની ફેરફાર નોંધ નં.૪૩૨ વાદી નં.૧ ના

નામે ચાલે છે. સદર દાવાવાળી જમીનનો મહેસુલ વાદી નં.૧ ભરે છે તથા ટાઈટલ પણ વાદી નં.૧ ના નામે છે. દાવાવાળી મિલકતના ખુંટનું વર્ણન નીચે મુજબ છે.

પૂર્વે – મધુબેન નટુભાઈ આપાભાઈ વિધવાની જમીન આવેલી છે જે બ્લોક નં.૪૫૧ વાળી જમીન છે જે વાદી નં. ૧ એ વેચાણ રાખેલી છે.

પશ્ચિમે – બ્લોક નં.૪૬૦ શંકરભાઈ જીવાભાઈ વગેરેની જમીન આવેલી છે.

ઉત્તરે – બ્લોક નં.૪૧૪ વાળી જમીન વાદી નં. ૨ ની જમીન આવેલી છે.

દક્ષિણે – બ્લોક નં.૪૫૩ ની જશભાઈ ચતુરભાઈ ની જમીન આવેલી છે.

ઉપરોકત ખુંટવાળી દાવાવાળી જમીન વાદી નં.૧ નાએ વેચાણ રાખી તે પહેલા આ કામના વાદી નં.૧ નાઓએ દાવાવાળી જમીનના ટાઈટલ અને પજેશનની તપાસ કરેલી જે ટાઈટલ વાદી નં.૨ ના નામે હતા જે જમીન વાદી નં.૨ નાએ પ્રતિવાદી બચુભાઈ સોમાભાઈને રૂ.૮૦૦૦/– માં દાવાવાળી જમીન કબજા ગીરો મુકેલી જે ગીરોની મુદત જુન–૨૦૦૭ સુધીની હતી. વાદીઓ સદરહુ જમીન કબજા ગીરો રાખનાર પ્રતિવાદી બચુભાઈ સોમાભાઈને રૂબરૂમાં મળેલા અને વાદી નં.૨ નાએ રૂબરૂમાં જણાવેલુ કે, વાદી નં.૧ આપના ગામના વતની છે અને ગામમાં જમીન ધરાવે છે તેઓ સદરહુ જમીન વાદી નં.૨ પાસેથી વેચાણ રાખવા માંગે છે. જેથી પ્રતિવાદીને સદર જમીન વેચાણ બાબતે કોઈ વાંધો વિરોધ છે કે કેમ? તેમ પુછતા પ્રતિવાદીને કોઈ વાંધો નથી કહી પ્રતિવાદીએ વધુમાં જણાવેલ કે સને જુન–૨૦૦૭ ની અંદર ગીરોની મુદત પતી ગયા બાદ ગીરોની રકમ રૂ.૮૦૦૦/– પ્રતિવાદીને ચુકવી આપ્યેથી દાવાવાળી જમીન ગીરો મુક્ત કરી આપવા જણાવેલ. જેથી આ કામના વાદીઓ જુન–૨૦૦૭ માં પ્રતિવાદીને મળી રૂ.૮૦૦૦/– ગીરોની રકમ તરીકે સ્વીકારવા તથા દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો વાદી નં.૧ ને પરત આપવા જણાવેલ. પરંતુ આ કામના પ્રતિવાદીએ કબજો આપવાનો ઈન્કાર કરતા વાદી નં.૧ ના પુત્ર ધર્મેશભાઈ ભુપેન્દભાઈએ પ્રતિવાદી વિરુદ્ધ

નડીઆદ રૂરલ પો.સ્ટે.માં વિશ્વાસઘાતની ફરીયાદ આપેલી. તે સમયે પ્રતિવાદીએ રૂ.૬,૦૦,૦૦૦/– માં જમીન વેચાણ રાખવા અને તેનું બાનાખત કરાવી આપવા તથા બાનાપેટે રૂ.૫૦૦૦/– વાદી નં.૧ ને આપવા તૈયાર છે તેમ જણાવેલ પરંતુ વાદીએ ઈન્કાર કરેલ. ત્યારબાદ પ્રતિવાદીએ નડીઆદ સિવિલ કોર્ટમાં રેગ્યુલર દીવાની દાવો નં.૨૨૩/૦૭ દાખલ કરી બાનાખતનું પાલન કરાવવા દાદ માંગેલ. પરંતુ ત્યારબાદ સદર દાવો પરત ખેંચી લીધેલ. ત્યારબાદ પ્રતિવાદીએ ગણોત કેસ નં.૪૦/૦૭ દાખલ કરી ગણોતધારા હેઠળ વાદી નં.૧ વિરુદ્ધ મનાઈ હુકમ મેળવેલ પરંતુ પ્રતિવાદી દાવાવાળી જમીનમાં કબજો ભોગવટો ધરાવતા હોઈ વાદી નં.૧ એ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાની શરતે અપીલ પરત ખેંચેલી. આમ, દાવાવાળી જમીન વાદી નં.૧ એ મૂળ માલિક વાદી નં.૨ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય તથા વાદી નં.૨ એ પ્રતિવાદી પાસે રૂ.૮૦૦૦/– માં ગીરો મુકેલી હોય જે ગીરોની મુદત જૂન–૨૦૦૭ માં પુરી થઈ જતા આ કામના વાદી નં.૧ ગીરોની રકમ ચુકવવા તૈયાર હોવા છતાં પ્રતિવાદી દાવાવાળી જમીન ગીરો મુકત કરી આપતા ન હોઈ હાલનો દાવો દાખલ કરી દાવા અરજીના પેરા.૦૫ મુજબ દાવાવાળી જમીન ગીરો મુક્ત કરાવવા તથા દાવાવાળી ખેતીની જમીનમાંથી વાર્ષિક ઉપજના રૂ.૨૫,૦૦૦/– પ્રતિવાદી પાસેથી મેળવવા દાદ માંગી દાવો દાખલ કરેલ છે.

(૪) વિદ્વાન ટ્રાયલ અદાલતે સદરહુ દાવાના નિકાલ માટે આંક– ૧૨ થી મુદ્દાઓ ઘડેલા. જે નીચે મુજબ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન વાદી નં.૨ નાએ રૂ.૮૦૦૦/– માં પ્રતિવાદી પાસે કબજા ગીરો સને–૨૦૦૭ સુધી મુકેલ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદી ગીરોની રકમ સ્વીકારતા નથી અને કબજો છોડતા નથી?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન વાદી નં.૧ નાએ વાદી નં.૨ પાસેથી વેચાણ રાખેલ છે?

(૪) શું પ્રતિવાદી સાબીત કરે છે કે, તેઓ આ જમીનમાં ગણોતીયા છે?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૬) શું હુકમ અને હુકમનામું?

(૫) ઉપરોક્ત મુદ્દાઓનો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩) નકારમાં.
(૪) નકારમાં.
(૫) નકારમાં.
(૬) આખરી હુકમ અનુસાર.

(૬) ટ્રાયલ કોર્ટમાં વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલા છે.

-:: મૌખિક પુરાવો ::-

અ.નં.	સાહેદની વિગત	આંક
૧	વાદી નં.૧ નું સરતપાસનું સોગંદનામું	૧૪
૨	વાદીના સાહેદ ઠાકોરભાઈ ચતુરભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ	૨૯
૩	વાદીના સાહેદ ભીમાભાઈ રણછોડભાઈ ભોઈનું સરતપાસનું સોગંદનામું	૩૫

(૭) વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

-:: દસ્તાવેજી પુરાવો ::-

અ.નં.	દસ્તાવેજી પુરાવો	આંક
૧	દાવાવાળી જમીનના ૭/૧૨ ના ઉતારાની નકલ	૧૮

૨	દાવાવાળી જમીનનો નોટરાઈઝડ વેચાણ દસ્તાવેજ	૧૯
૩	દાવાવાળી જમીન અંગે માન.ના ઠરાવની નકલ	૩૨
૪	ક્લોજીંગ પુરસીસ	૩૮

(૮) ટ્રાયલ કોર્ટમાં પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

<u>–:: મૌખિક પુરાવો ::–</u>

અ.નં.	**સાહેદની વિગત**	**આંક**
૧	પ્રતિવાદી તરફે સાહેદ વિઠ્ઠલભાઈ ભલાભાઈ મેઘાનું સરતપાસનું સોગંદનામું	૬૮
૨	પ્રતિવાદીના સાહેદ અમૃતભાઈ બચુભાઈ પરમારનું સરતપાસનું સોગંદનામું	૧૧૫

(૯) ટ્રાયલ કોર્ટમાં પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

<u>–:: દસ્તાવેજી પુરાવો ::–</u>

અ.નં.	**દસ્તાવેજી પુરાવો**	**આંક**
૧	પ્રતિવાદીએ દાખલ કરેલ દાવાવાળી જમીન અંગે ૭૦/બી મુજબ ગણોત કેસ નં.૪૦/૦૭ ના કામમાં કૃષિપંચ મામ.સાહેબશ્રીની સમક્ષ રજૂ કરેલ અરજીની પ્રમાણિત સહી સિક્કાવાળી નકલ	૧૧૭
૨	પ્રતિવાદીએ દાખલ કરેલ ગણોત કેસ નં.૪૦/૦૭ ના કામમાં ૭૦ એન.બી.ની મનાઈ હુકમ મેળવવા માટેની અરજીની સહી સીકકાવાળી પ્રમાણિત નકલ	૧૧૮
૩	કૃષિપંચ મામ.ના હુકમ મુજબ તલાટી કમ મંત્રી, હાથનોલી નાએ દાવાવાળી જગ્યાના કરેલ પંચનામાની સહી સીકકાવાળી નકલ	૧૧૯
૪	નડીઆદના ટેનન્સી મામ.શ્રીને ગણો કેસ નં.૪૦/૨૦૦૭ ના કામમાં મનાઈહુકમની અરજી ઉપર કરેલ હુકમની સહી સીકકાવાળી નકલ	૧૨૦

૫	નડીઆદના ટેનન્સી મામ.શ્રીને ગણો કેસ નં.૪૦/૨૦૦૭ ના કામમાં પ્રતિવાદી તરફે થયેલ હુકમની સુચના અંગેની નોટીસ મોકલેલ તેની પ્રમાણીત નકલ	**૧૨૧**
૬	પ્રતિવાદીએ પાણી પત્રકે નામ દાખલ કરવા હાથનોલી ગામના સીમના સ.નં.૪૫૧ તથા ૯૬ અંગે પાણી પત્રકમાં નામ ચઢાવવા આપેલ અરજીની ઓફીસ કોપી	**૧૨૨**
૭	દાવાવાળી જમીન અંગે ગણોત રીમાન્ડ કેસ નં.૦૭/૧૮ ના કામે સર્કલ ઓફીસર દ્વારા દાવાવાળી મીલ્કતના સ્થળસ્થિતિ અંગેના કરેલ પંચકયાસની પ્રમાણીત નકલ	**૧૨૩**
૮	દાવાવાળી બ્લોક નં.૯૬ તથા ૪૫૧ અંગે પ્રતિવાદી વિરુદ્ધ થયેલ ગણોત કેસમાં પડેલ ફેરફાર નોંધ નં.૬૩૩ ની સિક્કાવાળી પ્રમાણિત નકલ	**૧૨૪**
૯	ગામ નમૂના નં.૬ ના હક્કપત્રકે પડેલ ફેરફાર નોંધ નં.૭૩૮ અંગે તા.૦૩/૦૪/૨૦૧૦ ના રોજ પડેલ ફેરફાર નોંધની સિક્કાવાળી પ્રમાણિત નકલ	**૧૨૫**
૧૦	દાવાવાળી બ્લોક નં.૯૬ વાળી જમીનના ગામ નમૂના નં.૭ ના ઉતારાની પ્રમાણિત નકલ	**૧૨૬**
૧૧	દાવાવાળી બ્લોક નં.૯૬ વાળી જમીનના ગામ નમૂના નં.૧૨ ના ઉતારાની પ્રમાણિત નકલ	**૧૨૭**
૧૨	વાદીના સદર દાવાના કામે થયેલ હુકમ આધારે પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૧૧૨૭ ની અસલ ઉતારાની નકલ	**૧૨૮**
૧૩	પ્રતિવાદીએ વાદી સામે નડીઆદના નાયબ કલેક્ટર (જસુ) અપીલની કોર્ટમાં કરેલ અપીલની સહી	**૧૩૩**

	સીક્કાવાળી નકલ	
૧૪	પ્રતિવાદીએ વાદી સામે નડીઆદના નાયબ કલેક્ટર સાહેબ (જસુ) અપીલની કોર્ટમાં કરેલ અપીલના કામે રજૂ કરેલ વકીલાતનામાની સહી સીક્કાવાળી નકલ	**૧૩૪**
૧૫	પ્રતિવાદીએ વાદી સામે નડીઆદના નાયબ કલેક્ટર સાહેબ (જસુ) અપીલની કોર્ટમાં કરેલ અપીલની સહી સીક્કાવાળી નકલ	**૧૩૫**
૧૬	પ્રતિવાદીએ વાદી સામે નડીઆદના નાયબ કલેક્ટર સાહેબ (જસુ) અપીલના કામે રજૂ કરેલ વકીલાતનામાની સહી સીક્કાવાળી નકલ	**૧૩૬**
૧૭	ક્લોઝીંગ પુરસીસ	**૧૩૭**

(૧૦) વિવાદી/મૂળ વાદીના વિ.વ.શ્રીની આંક–૨૫ થી રજૂ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી તેમાં તેમણે અપીલ મેમોમાં જણાવેલ કારણો વંચાણે લઈ અપીલ મંજૂર કરીને રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ ના કામે તા.૦૪/૦૪/૨૦૨૦ ના થયેલ હુકમ અને હુકમનામુ રદ કરવા રજૂઆત કરેલ છે.

(૧૧) રિસ્પોન્ડન્ટસ/મૂળ પ્રતિવાદીઓના વિ.વ.શ્રીની આંક–૧૯ થી રજૂ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી તેમજ મૌખિક દલીલો સાંભળી. તેમણે મૌખિક દલીલોમાં જણાવેલ છે કે વિદ્વાન ટ્રાયલ કોર્ટના જજમેન્ટ અને હુકમનામાંમાં ટ્રાયલ કોર્ટની કોઈ કાયદાકીય કે હકુમતની ભુલ થયેલ નથી અને તે જજમેન્ટ ગેરકાયદેસર નથી. જેથી વિદ્વાન ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ અને હુકમનામુ કાયમ રાખવા ભારપૂર્વક દલીલો કરેલ છે.

(૧૨) હવે અપીલના તબક્કે ઉપર જણાવેલ મુદ્દાઓની ચર્ચા સાથે નીચે મુજબના મુદ્દાઓ વિચારણામાં લેવા ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

(૧) નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજશ્રીએ રે.દિ.મુ. નં.૨૦૮/૨૦૧૦ ના કામે તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ આંક–૧૪૧ થી કરેલ હુકમ અને હુકમનામુ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કાયદાના સિદ્ધાંતની વિરુદ્ધ હોય તેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર છે?

(૨) શું હુકમ અને હુકમનામુ?

(૧૩) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિણર્ય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૪) ઉપરોક્ત રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઅો તેમજ દલીલોના આધારે અત્રેની અદાલતના નિર્ણયોના કારણો નીચે મુજબ અાપેલા છે.

–:: કા ર ણો ::–

મુદ્દા નં.૧

(૧૫) હવે ટ્રાયલ કોર્ટ સમક્ષ બંને પક્ષોની રજૂઆત પડેલ પુરાવો ધ્યાનમાં લેતા તેમજ ઉપસ્થિત કરવામાં અાવેલા મુદ્દાઓ અને તે બાબતે સાક્ષીઓનો પુરાવો ધ્યાનમાં લઈ ટ્રાયલ અદાલતે તેમના ચૂકાદામાં રજૂ પુરાવાઓની ચર્ચા અને મૂલ્યાંકન કરતા પૂર્વે, પુરાવા અધિનિયમના નીચે મુજબના મુળભૂત સિદ્ધાંતો ધ્યાન સમક્ષ રાખવા આવશ્યક છે. (એ) પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ "Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. A must prove the existence of those

facts.” (બી) કોઈ હકીકત પુરવાર કરવા ઉત્તમ પુરાવો રજૂ થવો જોઈએ. (સી) પુરવાર કરવાની જવાબદારી હોય તેવી હકીકત વ્યક્તિએ પોતાના ઉત્તમ પુરાવાથી પુરવાર કરવી જોઈએ અને તે સામાપક્ષના નબળા પુરાવાથી તેની હકીકત પુરવાર થઈ જતી નથી. જે સિદ્ધાંતો ધ્યાન સમક્ષ રાખીને હાલના દાવાના કામે પડેલા પુરાવાનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે, જે નીચે મુજબ છે.

(૧૬) આ કામે વાદી તથા પ્રતિવાદીએ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે વિદ્વાન ટ્રાયલ કોર્ટે મુકરર કરેલ મુદ્દા અને તે મુદ્દાના તારણો આપી ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો નામંજૂર કરતો હુકમ અને હુકમનામું કરેલ છે. હાલની અપીલના કામે એપેલન્ટ/મૂળ વાદીના વિદ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ નંબરના દાવામાં વાદીને દાવાવાળી જમીન વેચાણ આપનાર પ્રમોદભાઈ આપાભાઈએ પ્રતિવાદીને દાવાવાળી જમીન રૂ.૮૦૦૦/- માં કબજા ગીરો મુકેલ અને તે કબજો છોડાવવા માટેનો દાવો છે. દાવાવાળી જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી છે અને જે દસ્તાવેજ આંક-૧૯ થી રજૂ છે. તેમજ જમીનના મૂળ માલિકોએ રૂ.૮૦૦૦/- માં કબજા ગીરો મુકેલી છે અને ગીરોની મુદત જુન-૨૦૦૭ માં કરેલી હતી તે હકીકત સાબિત કરેલ છે અને ગીરો મુક્ત કરવા પ્રતિવાદી જવાબદાર છે છતા તેઓ ગીરો છોડવા તૈયાર ન હોવાના કારણે અને જમીન ન આપવી પડે તેથી તેઓએ બદઈરાદા પૂર્વક ટેનન્સી કાર્યવાહી કરી છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ-૯૧ (એ) પ્રમાણે જોવામાં આવે તો દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ વાદીએ પોતાના નામનો રજૂ કરેલો છે અને તેમાં મૂળ માલિકોએ તેમનો દાવાવાળી જમીનનો માલિકી હક્ક રજીસ્ટર વેચાણ દસ્તાવેજના આધારે ટ્રાન્સફર કરેલો છે તેથી વાદી દાવાવાળી જમીનના વેચાણ દસ્તાવેજના આધારે માલિક થયેલા છે તેથી દાવાવાળી મિલકતમાં વાદીનું હિત સમાયેલુ છે તેથી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ-૯૧(એ) મુજબ દાવાવાળી જમીન ગીરો છોડાવવા માટે વાદી હક્કદાર છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, દાવામાં પ્રતિવાદીએ નામદાર કોર્ટ રૂબરૂ જુબાની

આપવા આવેલા નથી તેથી તેમના તરફથી લેખિત જવાબમાં તેઓએ જે તકરાર કરી છે તે તકરારો પુરવાર કરી શકતા નથી. વધુમાં તેમણે જણાવેલ છે કે, દાવાવાળી જમીન મૂળ માલિકોએ પ્રતિવાદી પાસે રૂ.૮૦૦૦/- માં કબજા ગીરો મુકેલી અને કબજા ગીરોનું અસલ લખાણ પ્રતિવાદી પાસે છે જે વાદીએ માંગણી કરી છતા આપેલ નથી અને પ્રતિવાદીના વકીલશ્રીએ ગીરોનો દસ્તાવેજ રજૂ કરવા માટે વાદીને નોટિસ આપેલી જે રેકર્ડ ઉપર તેઓએ રજૂ કરેલી છે અને ટેનન્સી કોર્ટની રાહે તેમને જમીન સસ્તા ભાવે મળે તેવા બદઈરાદાથી પ્રતિવાદી ગીરોની હકીકત છુપાવે છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, ગીરોનો વ્યવહાર તે ફક્ત પૈસાની સિક્યુરિટી માટેનો જ છે તેના માલિકી હક્ક ટ્રાન્સફર થતો નથી અને ગીરો છોડાવવાની જે મુદત નક્કી કરી હોય તે મુદતમાં ગીરો છોડાવી શકાય અથવા તો લીમીટેશન આર્ટીકલ-૬૦ માં બતાવ્યા પ્રમાણે ૩૦ વર્ષ સુધી ગીરો છોડાવી શકાય અને તેથી સદર દાવો લીમીટેશનમાં કરેલ છે. વધુમાં તેમણે જણાવેલ છે કે વિદ્વાન ટ્રાયલ કોર્ટે આંક-૧૯ ના દસ્તાવેજથી વાદીને માલિક નહીં માનવામાં ગંભીર ભૂલ કરી છે અને આંક-૧૮ ની ૭/૧૨ માં વાદી નં.૧ નું નામ દાખલ થયેલુ છે તેથી ટાઈટલના આધારે વાદી ગીરો છોડાવવાનો દાવો કરવાનો હક્ક અને અધિકારી ટીપી એક્ટની કલમ-૯૧(એ) થી વાદીને મળે છે અને ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈને ના.ટ્રાયલ કોર્ટે રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ નું જજમેન્ટ અને હુકમનામું તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ આપેલ છે તે રદ કરી વાદીનો ગીરો મુક્તીનો તથા મિલકતનો કબજો પરત લેવા માટેનો દાવો મંજૂર કરવા દલીલો કરેલ છે.

(૧૭) સામાવાળા/મૂળ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, મોજે ગામ હાથનોલી, તા.મહેમદાવાદ, જી.ખેડાની સીમમાં બ્લોક નં.૯૬ વાળી હે.૦-૬૭-૭૯ પ્ર.આરે વાળી ખેતીની જમીન આવેલી છે. જે જમીન રીસ્પોન્ડન્ટ છેલ્લા ૩૦ વર્ષ ઉપરાંતથી ગણોત હક્કથી ખેડી વાવી ઉપજ મેળવે છે. સદર જમીનના મુળ માલિક અવસાન પામેલ છે. જે જમીન બાબતે હાલમાં ગણોત હક્કથી તકરારો ચાલુ છે અને ગણોત અપીલો હાલમાં પણ ચાલુ છે. એપેલન્ટ દ્વારા અમારી જાણ બહાર તેમજ અમારો

કબજો ભોગવટો હોવા છતાં દાવાવાળી મિલકતનો રજી.વેચાણ દસ્તાવેજ તેમના નામે કરી લીધેલ અને દસ્તાવેજ આધારે રેવન્યુ રેકર્ડે તેમના નામ દાખલ કરાવેલ છે. એપેલન્ટ/મૂળ વાદી તરફે આંક–૧૮ થી દાવાવાળી બ્લોક નં.૯૬ વાળી મિલકતની નમુના નં.૭ ના ઉતારાની નકલ રજૂ કરવામાં આવેલ છે જેમાં કબજેદારના કોલમમાં મૂળ વાદીઓના નામ ચાલે છે. આ જ નકલના બીજા હક્કમાં જોતાં ગણોત કેસ ચાલતો હોવાનો તથા જે તે સમયે ગણોત કેસના આખરી નિકાલ સુધીનો મનાઈહુકમ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. એપેલન્ટ તરફે આંક–૧૯ થી દાવાવાળી મિલકતનો રજી.વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરવામાં આવેલ છે. જેમાં લખાવી લેનાર તરીકે વાદીના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને આ દસ્તાવેજ સને ૨૦૦૧ ની સાલમાં કરવામાં આવેલ છે તે સમયે તેઓને કબજો સોંપેલ હોવાની હકીકત દસ્તાવેજમાં જણાવવામાં આવેલ છે પરંતુ વાદીની દાવાની હકીકતો અને જુબાની જોતા દસ્તાવેજ થયો તે પહેલાંથી દાવાવાળી મિલકત પ્રતિવાદીના કબજામાં હોવાનું મૂળ વાદીએ સ્વીકારેલ છે અને આમ દસ્તાવેજની હકીકતો ખોટી જણાવેલી છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, આ દસ્તાવેજમાં પાન નં.૫ ઉપર દાવાવાળી મિલકત મૂળ માલિકોએ વાદીને પ્રત્યક્ષ કબજે સોંપેલ હોવાની હકીકત દર્શાવેલ છે જયારે હાલનો વાદીનો દાવો જોતાં તેઓએ દાવાવાળી મિલકતનો કબજો લેવા માટે હાલનો દાવો કરેલ હોવાની રજુઆત છે. જેથી મુળ વાદી યાને એપેલન્ટ દ્વારા રજૂ કરેલ દસ્તાવેજમાં કબજાની સોંપણીની જે હકીકતો જણાવેલ છે તે તદ્દન ખોટી છે અને તે આધારે પણ દસ્તાવેજ રદબાતલ છે જે પુરવાર થાય છે. વધુમાં તેમણે જણાવેલ છે કે એપેલન્ટ યાને મૂળ વાદી તેઓની દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી અને વેચાણ દસ્તાવેજના આધારે તેઓને કોઈ માલિકી હકક કે અધિકાર મળતો નથી તેમજ દાવાવાળી મિલકત ઉપર વાદીનો કોઈપણ જાતનો કબજો ભોગવટો ના હોઈ વાદી મૂળ પ્રતિવાદી યાને રીસ્પોન્ડન્ટ પાસેથી ગેરકાયદેસર રીતે મિલકત પડાવી લેવા ખોટા પુરાવા ઉભા કરેલ હોઈ તે સ્પષ્ટ પુરવાર થતુ હોઈ રજુ કરેલા મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા તથા ઈન્ડીયન એવીડન્સ એકટ તથા ટ્રાન્સફર ઓફ

પ્રોપર્ટી એકટ તથા ભારતીય કરાર ધારાની જોગવાઈઓ ધ્યાને લઈ વાદીની દાવા અરજી નામંજૂર કરતો હુકમ વિદ્વાન ટ્રાયલ કોર્ટે કરેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખવા અને રીસ્પોન્ડન્ટ સામે ખોટી અપીલ કરી ખોટા ખર્ચમાં ઉતારવા બદલ ખર્ચ અપાવવા રજૂઆત કરેલ છે.

રીએપ્રીસીએશન કરીએ તો :–

(૧૮) આ સિવિલ અદાલત છે અને સિવિલ પ્રોસીજર કોડની કલમ–૯૬ થી ૧૦૦ સુધીના પ્રબંધો જોવામાં આવે તો આ અપીલ અદાલતને કાયદા તેમજ હકીકતના પ્રશ્નોની વિશાળ સત્તા છે, પરંતુ સાથો સાથ કેવા સંજોગોમાં અને કેવી રીતે તેનુ પુનઃ મૂલ્યાંકન કરવું જોઈએ તે જોતા કલમ–૯૬ માં કોઈપણ ડીક્રી સામે એપેલન્ટ અપીલ કરવા માટે મુક્ત છે ત્યારે આ બાબતમાં સિ.પ્રો.કોડમાં વર્ષ ૧૯૯૯માં સુધારા થયેલા છે અને તેમાં રકમને લગતા દાવાઓમાં હદ, હકુમત અને સત્તા બાબતે આ અદાલતને કોડમાં જોગવાઈ કર્યા મુજબ સત્તા અને હકુમત આપેલી છે પરંતુ સાથોસાથ શું મૂલ્યાંકન કરવું જોઈએ અને વિદ્વાન ટ્રાયલ અદાલતે કેવું મૂલ્યાંકન કરેલું છે તે બાબતે આ વિશાળ ચર્ચાઓ કરીને નામ.સુ.કો. દ્વારા એ.આઈ.આર. ૧૯૬૫ સુ.કો. પાન ૫૦૭, શંકરલાલના ચુકાદામાં તેની ચર્ચા કરીને અપીલમાં એપેલન્ટને રાઈટ શું છે અને તેના અધિકાર શું છે અને તે બાબતે વિ.ટ્રાયલ અદાલતે કઈ કઈ હકીકતો ધ્યાનમાં લીધી છે તેની ચર્ચા કરેલી છે અને અત્રેની અપીલ અદાલતે પણ ફેક્ટ ફાઈન્ડીંગ ફર્સ્ટ એપેલન્ટ કોર્ટ તરીકે વિ. ટ્રાયલ અદાલતના ચુકાદામાં ધ્યાનમાં લેવાયેલી હકીકતો બરાબર છે કે તેનું પુનઃ નિરીક્ષણ યોગ્ય રીતે કરેલું છે ત્યારે કલમ–૯૬ ના પ્રંબંધો જોતા પણ ઉપર જણાવેલા એપેલન્ટની અપીલમાં નામ. સુ.કો.ના વિવિધ ચુકાદાઓ જેવા કે (૧૯૯૪)૪ એસ.સી.સી. પાના–૯૯ એટલે કે એ.આઈ.આર. ૧૯૯૪ એસ.સી. પાન–૧૯૦૧ ના ચુકાદા અને અપીલ એટલે શું તે નામ. હાઈકોર્ટ અને નામ. સુ.કો. દ્વારા કલમ–૯૬ ના સંદર્ભમાં જે ચર્ચાઓ કરેલી છે અને તે અંગે પ્રિવી કાઉન્સીલના રીફર થયેલા ચુકાદાઓ ધ્યાનમાં રાખીને કલમ–૯૬ થી ૧૦૦ સુધીના અપીલ અંગેના પ્રબંધો અને સાથો સાથ વચગાળાના

ઓર્ડરો કલમ–૪૩ ના પ્રબંધોની ચર્ચા કરીને નામ. સુપ્રિમ કોર્ટ કોણ અપીલ કરી શકે અને અપીલ થાય ત્યારે તેના રાઈટ શું છે, નેચર અને સ્કોપ શું છે અને દાવા અંગે અપીલમાં કઈ રેમેડી ઉપલબ્ધ છે તે વિવિધ ચુકાદાઓમાં જે માર્ગદર્શક સિદ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે તે લક્ષમાં રાખીને હાલના કેસમાં વિ.ટ્રાયલ અદાલતનાં ચુકાદામાં કોઈ ખામી છે કે, ખરાબી છે કે, કાયદા વિરુદ્ધની કોઈ હકીકત ધ્યાનમાં લીધેલ છે કે કેમ? તે તમામ આ ફર્સ્ટ એપેલેન્ટ કોર્ટે ફેક્ટ ફાઈન્ડીંગ કોર્ટ તરીકે પુનઃ મૂલ્યાંકન કરેલ છે અને તેમાં વિ.ટ્રાયલ અદાલતનું રેકર્ડ અને આખરી ચુકાદો જોઈ તપાસીને આપેલ હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે ત્યારે હાલના દાવાના કામે વાદીઓને વાદગ્રસ્ત મિલકતનો પ્રત્યક્ષ કબજો મેળવવા તેમજ ગીરો મુક્ત કરવા માટે તેમજ વાર્ષિક ઉપજના રૂ.૨૫,૦૦૦/– પ્રતિવાદી પાસે વસુલ મેળવવા બાબતેના હક્કો કે અધિકારો પ્રાપ્ત એટલા માટે નથી થતાં કે દાવાવાળી જમીન વાદી નં.૨ એ રૂ.૮૦૦૦/– માં પ્રતિવાદી પાસે કબજો ગીરો મુકેલી અને તેની મુદત જુન–૨૦૦૭ ની અંદર પતી જતી હતી તે હકીકત દાવા અરજીમાં જણાવેલ છે. પરંતુ આ કામે ગીરો કરાર વાદી કે પ્રતિવાદી તરફે રજૂ કરેલ નથી. તેમજ વાદી પાસે સદર ગીરો કરારની કસ્ટડી નથી તેમ માની લેવામાં આવે તો પણ વાદીએ ઓર્ડર–૧૧, રૂલ–૫(૧) મુજબ ગીરો રાખનાર તરીકે પ્રતિવાદી પાસેથી ગીરો કરાર રજૂ કરાવવા કોઈ પ્રોડકશન અરજી રજૂ કરેલ નથી અને આ કામે ગીરો આપનાર વાદી નં.૨ પ્રમોદભાઈ આપાભાઈને તાપસેલ નથી કે દાવો દાખલ કરેલ કે પુરાવાના તબક્કે ગીરો આપનાર હયાત નથી તેવી કોઈ રજૂઆત પણ વાદીએ કરેલ નથી. વધુમાં આંક–૧૯ થી રજૂ બ્લોક નં.૯૬ ના વેચાણ દસ્તાવેજમાં ગીરો વ્યવહાર અંગે કોઈ લખાણ નથી કે દાવાવાળી જમીન પ્રતિવાદી પાસે ગીરો કબજામાં હોવા બાબતે ગીરો વ્યવહારનો કોઈ ઉલ્લેખ થયેલ નથી તેમજ સદર આંક–૧૯ ના વેચાણ દસ્તાવેજમાં વેચાણ રાખનાર તરીકે વાદી નં.૧ ની કોઈ સહી નથી. વધુમાં ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં ઠરાવેલ છે તે મુજબ દાવાવાળી જમીન બ્લોક નં.૪૫૧ ખરેખર મધુબેન આપાભાઈ તથા રાજેશભાઈ આપાભાઈની માલીકીની હતી કે પ્રમોદભાઈ આપાભાઈની માલીકીની હતી કે કેમ? તે અંગે વાદીના પુરાવામાં

વિરોધાભાસ જોવા મળે છે. તેમજ વાદી તરફે તકરારી ગીરો વ્યવહાર પુરવાર કરવા કોઈ ગીરો કરાર રજુ કરવામાં આવેલ નથી કે ગીરો વહેવાર મૌખિક કે લેખિત હોવા બાબતે કોઈ દાવો નથી અને વાદીએ કહેવાતો ગીરો કરાર રજૂ કરાવવા સીપીસી ઓર્ડર.૧૧ રૂલ.૦૫ મુજબ કોઈ પ્રોડકશન અરજી આપેલ નથી. તેમજ વાદી નં.૨ ની આંક–૮૧ થી ટેનન્સી કેસની જુબાની અને આંક–૧૯ વંચાણે લેતા વેચાણ દસ્તાવેજમાં ગીરો રકમ કાપી લીધેલાનો ઉલ્લેખ કરેલ છે તેમ જુબાનીમાં જણાવેલ છે. પરંતુ, વેચાણ દસ્તાવેજમાં ગીરો રકમ કે ગીરો વ્યવહારનો કોઈ જ ઉલ્લેખ નથી. તેનાથી તદ્દન વિરુદ્ધ વેચાણ દસ્તાવેજમાં દાવાવાળી જમીન કોઈપણ વ્યકિત પાસે ગીરો કે અન્ય કોઈ રીતે બોજામાં નથી તેમ લખી ગીરો વહેવારનો કોઈ ઉલ્લેખ જ નથી. તેમજ સદરહુ આંક–૧૯ વાળો દસ્તાવેજ અસલ કે સર્ટીફાઈડ ન હોય દાવાવાળી જમીનના વેચાણ વ્યવહાર તરીકે પુરાવામાં ગ્રાહય રાખવામાં આવેલ નથી અને વધુમાં ગીરોની મુદત જુન–૨૦૦૭ માં પુરી થતી હતી કે કેમ? તે બાબતે પણ વાદી તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ વાદીના સાક્ષીઓએ પણ દાવાવાળી જમીન મૌખિક રીતે વર્ષ–૨૦૦૭ ની મુદત સુધી ગીરો રાખેલ તેમ જણાવેલ નથી. જે સમગ્ર હકીકતો અને પુરાવાના મુલ્યાંકનના આધારે ગીરોનો વ્યવહાર જ વાદી તરફે પુરવાર થયેલ નથી જેથી વાદી નં.૧ એ દાવાવાળી જમીન વેચાણ રાખી ત્યારે વાદી નં.૨ ના એ રૂ.૮૦૦૦/– માં પ્રતિવાદી પાસે કબજા ગીરોમાં રાખી પ્રતિવાદી પાસે ૨૦૦૭ માં મુદત પુરી થતી હતી તેમ પણ પુરવાર કરવામાં વાદી નિષ્ફળ ગયેલ છે.

(૧૮.૧) વધુમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં ઠરાવેલ છે કે વાદીએ ગીરો મુકિતનો હાલનો દાવો પ્રતિવાદી વિરુદ્ધ સને–૨૦૧૦ માં કરેલ છે જયારે વાદીના પ્લીડીંગ્સ મુજબ ૨૦૦૭ માં ગીરોની મુદત પુરી થતી હતી. વાદી નં.૧ એ વાદી નં.૨ પાસેથી સને–૨૦૦૧ મા દાવાવાળી જમીન ટાઈટલ અને પઝેશનની તપાસ કરી પ્રતિવાદીને વાંધો ન હોય વેચાણ રાખી ત્યારે મુદત પુરી થતી પ્રતિવાદી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીને સોંપશે જે બાબતે આ કામના બંને પક્ષકારો સમંત થયેલા. પરંતુ, ત્યારબાદ મુદત પુરી થતા વાદી નં.૧ ગીરોની રકમ પ્રતિવાદીને આપવા જતા પ્રતિવાદીએ

રકમ સ્વીકારવાનો ઈન્કાર કરેલ અને દાવાવાળી જમીનનો કબજો છોડતા નથી તેવું વાદીનું પ્લીડીંગ્સ છે. પરંતુ વાદીની દાવા અરજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં વાદી નં.૧ એ કઈ તારીખે, કોની હાજરીમા પ્રતિવાદીને ગીરોની રકમ સ્વીકારવા અને કબજો પરત સોંપવા જણાવેલ તેવો કોઈ મૌખિક કે લેખીત પુરાવો રજૂ રાખેલ નથી. વધુમાં ટેનન્સી કોર્ટમાં વાદી નં.૨ ની જે જુબાની થયેલ તે આ કામે રજૂ છે. પરંતુ આ કામે વાદી નં.૨ એ દાવાવાળી જમીન ગીરો આપનાર તરીકે વાદી નં.૨ છે તેવો પોતે વિટનેશ બોક્ષમાં આવી પુરાવો રજૂ રાખેલ નથી. તેમજ વાદી નં.૨ એ ગીરો મુક્તી માટે પ્રતિવાદીને નોટિસ આપેલાનું આંક-૮૧ માં જણાવેલ છે તેવી કોઈ નોટિસ આ કામે રજૂ કરેલ ન હોય માત્ર ટેનન્સી કોર્ટના રજૂ પુરાવાથી અને દાવા અરજીમાં જણાવ્યા માત્રથી પ્રતિવાદી ગીરોની રકમ સ્વીકારતા નથી અને કબજો છોડતા નથી તેમ માની શકાય નહીં. જેથી વાદીએ ગીરો વ્યવહાર પુરવાર કરેલ ન હોય આંક-૧૯ પુરવાર થયેલ ન હોય તે મુજબ વાદી દાવાવાળી જમીનના કાયદેસરના ખરીદનાર હોવાનું પુરવાર કરેલ ન હોય તેમજ વેચાણ દસ્તાવેજથી તદ્દન વિપરીત હાલમાં દાવાવાળી જમીનમાં પ્રતિવાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. જેથી ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ વાદી દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો મેળવવા માટે તેમજ ગીરો મુક્ત કરવા માટે તેમજ વાર્ષિક ઉપજના રૂ.૨૫,૦૦૦/- પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હક્ક અને અધિકાર બનતા નથી તેમ જણાવી વિદ્વાન ટ્રાયલ કોર્ટે વાદીનો દાવો નામંજૂર કરતો જે હુકમ અને હુકમનામુ કરેલ છે તે બરાબર અને યોગ્ય છે અને તેનુ રીએપ્રીસીએશન આ અદાલતે કરેલ છે તેમજ બન્ને પક્ષના વકીલશ્રીઓની દલીલો, રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાનમાં લેતા તેમજ ઉપર કરેલી ચર્ચા મુજબ આ અદાલતને ટ્રાયલ અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવાનુ કોઈ વ્યાજબી અને ન્યાયોચિત કારણ જણાતુ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

(૧) વિવાદી/મુળ વાદીની હાલની આ અપીલ નામંજૂર યાને રદ કરવામાં આવે છે.

(૨) નડીઆદના વિદ્વાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજશ્રીએ રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ ના કામે તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ આંક–૧૪૧ થી આપેલ ચુકાદો યથાવત/કન્ફર્મ રાખવામાં આવે છે.

(૩) આ અપીલની સાથે જે કોઈ વચગાળાની અરજીઓ હશે તે પણ ફેંસલ થયેલ ગણાશે.

(૪) વિવાદી/મૂળ વાદીઓએ પોત પોતાનો ખર્ચ ભોગવવો તેમજ પ્રતિ વિવાદી/મૂળ પ્રતિવાદીઓનો ખર્ચ વિવાદી/મૂળ વાદીઅે ચુકવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

(૬) આ હુકમની નકલ સંબંધીત ટ્રાયલ કોર્ટને રે.મુ.નં.૨૦૮/૨૦૧૦ ના અસલ રેકર્ડ સાથે મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ : ૨૬મી, માહે : મે, સને : ૨૦૨૬ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૬/૦૫/૨૦૨૬
સ્થળ : નડીઆદ

(પ્રકાશકુમાર પી. પુરોહીત)
ત્રીજા અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીઆદ.
કોડ નં. જીજે ૦૦૬૮૫